પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

હર ઘર તિરંગા

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૪૮ | ૭ ઓગસ્ટ, ૨૦૨૨, રવિવાર; શ્રાવણ સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં ધનખડની જીત

## ૫૨૮ વોટ સાથે જગદીપ ધનખડેનો વિજય : વિપક્ષના ઉમેદવાર માર્ગરેટને ૧૨૮ મત મળ્યા હતા, આ ઉપરાંત ૧૫ વોટને અમાન્ય ગણવામાં આવ્યા

નવી દિલ્હી, તા.૬

રાષ્ટ્રપતિ ચૂંટણી બાદ ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં પણ ભાજપને ભવ્ય સફળતા મળી છે. ૫૨૮ વોટ સાથે એનડીએના ઉમેદવાર જગદીપ ધનખડે ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં પ્રચંડ વિજય મેળવ્યો છે. જ્યારે વિપક્ષના ઉમેદવાર માર્ગરેટને ૧૨૮ મત મળ્યા હતા.

આ ઉપરાંત ૧૫ વોટને અમાન્ય ગણવામાં આવ્યા હતા. ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી માટે લોકસભા અને રાજ્યસભાના ૭૮૦માંથી ૭૨૫ મતદારોઓએ મત આપ્યા હતો. એટલે કે, ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં ૯૨.૯૪ ટકા મતદાન થયું હતું. જેમાંથી ૭૧૦ એટલે કે ૯૭.૯૩ ટકા મત માન્ય ગણવામાં આવ્યા હતા.



૭૧૦ મતોમાંથી ૫૨૮ મતો સાથે ધનખડે શાનદાર જીત હાંસલ કરી હતી. જગદીપ ધનખડ દેશના ૧૬મા ઉપરાષ્ટ્રપતિ બન્યા છે.

ઉપરાષ્ટ્રપતિપદની ચૂંટણી માટે મતદાન સાંજે ૫ વાગ્યે પૂર્ણ થયું હતું. સત્તા પક્ષ તરપથી પશ્ચિમ બંગાળના પૂર્વ ગવર્નર જગદીપ ધનખડ હતા, તો વિપક્ષ તરફથી માર્ગરેટ આલ્વા મેદાનમાં હતા. સવારે ૧૦ વાગ્યેથી વોટિંગ શરૂ થયું હતું, જે સાંજે ૫ વાગ્યા સુધી ચાલ્યું હતું. પીએમ નરેન્દ્ર મોદીએ સૌથી પહેલાં વોટ આપ્યો આપી મતદાનની શરૂઆત કરાવી હતી. જે બાદ ગૃહમંત્રી અમિત શાહ, જેપી નડ્ડા, રક્ષા મંત્રી રાજનાથ સિંહ, કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી સહિતના તમામ નેતાઓએ મતદાન કર્યું હતું. ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી જગદીપ ધનખડ જીતશે તેવી પૂરેપૂરી સંભાવના હતી.

ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી માટે મતદાન પૂર્ણ થયું હતું. જણાવવામાં આવી રહ્યું હતું કે લોકસભા અને રાજ્યસભાના કુલ ૭૨૫ સાંસદોએ મતદાન કર્યું છે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીની તૃણમૂલ કોંગ્રેસના સાંસદોએ મતદાનમાં ભાગ લીધો ન હતો. સમીકરણો કહી રહ્યા છે કે, નેશનલ ડેમોક્રેટિક એલાયન્સના ઉમેદવાર જગદીપ ધનખડની જીત નિશ્ચિત છે. તેઓ વર્તમાન ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુનું સ્થાન લેશે. રાજ્યસભાના ૨૩૭ અને લોકસભાના ૫૪૩ એટલે કે કુલ ૭૮૦ સાંસદો ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં મતદાતા છે. આ વખતે ટીએમસીના બંને ગૃહોના કુલ ૩૪ સાંસદોએ મતદાનથી અંતર રાખ્યું છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે ટીએમસી છોડીને ભાજપમાં જોડાયેલા શુભેંદુ અધિકારીના પિતા શિશિર અધિકારી અને ભાઈ દીપેંદુ અધિકારીએ વોટ આપ્યો છે.




# કોમનવેલ્થ ગેમ્સમાં ભારતનો દબદબો યથાવત : ૨૮ મેડલ

## નવા રાષ્ટ્રીય રેકોર્ડ સાથે અવિનાશ સાબલેને ૩૦૦૦ મીટર સ્ટીપલ ચેઝમાં સિલ્વર : ૧૦,૦૦૦ મીટર રેસ વોકમાં પ્રિયંકાને સિલ્વર

બર્મિંધમ, તા.૬

કોમનવેલ્થ ગેમ્સમાં ભારતે આજે સીમાચિન્હરૂપ મેડલો મેળવી પોતાનો દબદબો યથાવત રાખ્યો છે. એથ્લેટીક્સમાં વધુ બે ઉપરાંત રેસલીંગમાં ૩ મેડલ સાથે અત્યાર સુધીમાં ભારતે ૨૮ મેડલ મેડલ મેળવી પાંચમાં ક્રમનું સ્થાન મેળવી ઈતિહાસ રચ્યો છે

બર્મિંઘમમાં યોજાયેલી કોમનવેલ્થ ગેમ્સ-૨૦૨૨માં વધુ એક ભારતીય ખેલાડીએ બાઝી મારી છે. અવિનાશ સાબલેએ કોમનવેલ્થ ગેમ્સ-૨૦૨૨માં નવા રાષ્ટ્રીય રેકોર્ડ સાથે ૩૦૦૦ મીટર સ્ટીપલ ચેઝ સ્પર્ધામાં ભારતને સિલ્વર મેડલ અપાવ્યો હતો. મહારાષ્ટ્રના બીડ જિલ્લાના વતની અવિનાશે વ્યક્તિગત સર્વશ્રેષ્ઠ તેમજ રાષ્ટ્રીય રેકોર્ડ બનાવ્યો હતો. બર્મિંઘમમાં રમાઈ રહેલી આ ગેમ્સમાં ટ્રેક એન્ડ ફિલ્ડમાં ભારતનો આ ચોથો મેડલ છે. અવિનાશ ભારતીય સેનામાં ૫ મેહર રેજિમેન્ટનો હિસ્સો રહી ચૂક્યો છે. તે સિયાચીન, રાજસ્થાન અને સિક્કિમમાં પોસ્ટિંગ કરી ચૂક્યાં છે.

## કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષ પદેથી સોનિયાનું રાજીનામું

નવી દિલ્હી, તા.૬

કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષ સોનિયા ગાંધીએ પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. મીડિયા રિપોર્ટ દ્વારા આ જાણકારી સામે આવી રહી છે કે, સોનિયા ગાંધીએ અધ્યક્ષ પદેથી રાજીનામું આપી દીધું છે. હવે રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગહેલોત રાષ્ટ્રીય અધ્યક્ષ બની શકે છે.

વર્ષ ૨૦૧૯માં લોકસભા ચૂંટણી હાર્યા બાદ તત્કાલીન રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીએ હારની જવાબદારી લેતા અધ્યક્ષ પદેથી રાજીનામું આપી દીધુ હતું.




VIHAAN
CONCEPT TO CREATION

CONCEPT to CREATION...

VIHAAN 273

90990 92345
OPP. VIHAAN NIRVANA, TARAPUR, GANDHINAGAR.
PR/GJ/GANDHINAGAR/GANDHINAGAR/Others/CAA09076/A1C/010822
www.gujrera.gujarat.gov.in

